આરબીઆઈ/2005-06/241

**આર પી સી ડી.પી એલ એન એફ એસ.બી સી.નં.56/ 06.02.31/2005-06**

27 ડિસેમ્બર, 2005

પ્રતિ,
ચેરમેનશ્રી / મેનેજીંગ ડિરેકટરશ્રી
તમામ શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકસ
(આર આર બી & એલ એ બી સહિત)

સાહેબશ્રી,

**નાનાં ધિરાણ ખાતાઓ માટે વન-ટાઇમ સેટલમેન્ટ સ્કિમ તથા નવા ધિરાણ માટેની યોગ્યતા.**

નાની રકમનું ધિરાણ લેનારાઓને તેમનું બેંક સાથેનું એન પી એ ખાતું બંધ કરી નવા ધિરાણ માટે યોગ્ય બનાવવા માટેતમામ શિડ્યુલ્ડ કમર્શિયલ બેંકસ (આર આર બી & એલ એ બી સહિત) ને સલાહ છે કે તેઓ સપ્ટેમ્બર 30, 2005 નાં રોજ રૂ. 25,000 સુધીના ધિરાણો કે જેઓ વસુલાત માટે કાંતો શંકાસ્પદ છે અથવા તો ગયા ખાતેની છે તેના નિવેડા માટે ધીરાણની વસુલાતની એક વખતની સેટલમેન્ટ સ્કિમ બહાર પાડે.

2. સરકાર દ્વારા સંચાલિત યોજના હેઠળની આવી લોનના કિસ્સાઓ મા બેંકોએ જેતે રાજ્યની એસ એલ બી સી દ્વારા તૈયાર કરાયેલ નિતીને અનુરૂપ માર્ગદર્શિકા બહાર પાડવી.

3. ઉપરોકત વ્યવસ્થામાં ગેરરીતિ / ઉચાપત તથા ગરેકાયદેસર તેવા કિસ્સાઓનો સમાવેશ થતો નથી.

4. ઉપરોકત યોજના હેઠળ જે લોકો તેમની લોનનુ સેટલમેન્ટ કરશે તેઓ નવિ લોન મેળવવાને હક્કદાર બનશે.

5. બેંકોને યોગ્ય યોજના અને ઘડવા પણ તેના માટે જરૂરી ઉપાયો કરવા માટેની સલાહ આપવામાં આવે છે.

6. આ પત્ર મળ્યાની યોગ્ય જાણ કરશો.

આપનો વિશ્વાસુ,,

**(જી. શ્રીનિવાસન)**
મુખ્ય મહા પ્રબંધક